# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

******************************************************

1) ભારતે રશિયા પાસેથી તેલ આયાત અંગેના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને ફગાવ્યો.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આદિ કર્મયોગી અભિયાન પર રાષ્ટ્રીય સંમેલનમાં હાજરી આપશે.

3) કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોની ફરિયાદોના નિરાકરણ એક નિશ્ચિત સમય મર્યાદામાં કરવા સુચના આપી.

4) ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના પદનામિત મંત્રીઓની આજે ગાંધીનગરમાં શપથવિધિ થશે.

5) પાંચમી ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 24 નવેમ્બરથી રાજસ્થાનના સાત શહેરોમાં યોજાશે.

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TRUMP-OIL

ભારતે રશિયા પાસેથી તેલ આયાત અંગેના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાને ફગાવી દીધો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, દેશની તેલ આયાત નીતિઓ ફક્ત ભારતીય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે બનાવવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, અમેરિકાએ ભારત સાથે ઊર્જા સહયોગ વધારવામાં રસ દર્શાવ્યો છે અને આ સંદર્ભમાં વાતચીત ચાલી રહી છે. શ્રી જયસ્વાલે જણાવ્યું કે, ભારત અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પર નજીકથી નજર રાખી રહ્યું છે અને નોંધ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં આદિ કર્મયોગી અભિયાન પર રાષ્ટ્રીય સંમેલનમાં હાજરી આપશે. આદિજાતિ બાબતોનું મંત્રાલય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા વિકાસ ભારતના વિઝન હેઠળ આ સંમેલનનું આયોજન કરી રહ્યું છે.

સાંભળીએ એક અહેવાલ....

(VOICE CAST: ADRASH)

# CHOUHAN-FARMER-COMPLAINTS

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈકાલે નવી દિલ્હીમાં ખેડૂતોની ફરિયાદોના નિરાકરણ અંગે એક બેઠક યોજી હતી. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, બેઠક દરમિયાન ખાતર, બિયારણ, જંતુનાશકો, પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને પ્રધાનમંત્રી કિસાન પોર્ટલ સંબંધિત ફરિયાદો પર ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી ચૌહાણે કહ્યું કે, ફરિયાદોના નિરાકરણ માટે એક નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવી જોઈએ, જેથી ખાતરી થાય કે ફરિયાદો લાંબા સમય સુધી પડતર ન રહે.

તેમણે કહ્યું, ખેડૂતો સંપૂર્ણપણે સંતુષ્ટ ન થાય ત્યાં સુધી કોઈપણ ફરિયાદ પર કાર્યવાહી બંધ ન કરવી જોઈએ. શ્રી ચૌહાણે અધિકારીઓને એવા રાજ્યોની ઓળખ કરવાનો નિર્દેશ આપ્યો જ્યાં ફરિયાદો વધુ હોય પરંતુ કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો હોય.

# AGRI-KVK

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દેશભરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને મજબૂત બનાવવા માટે એક બેઠક યોજી હતી. નવી દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં શ્રી ચૌહાણે જણાવ્યું કે, દેશમાં 731 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો છે. તેમણે નાના ખેડૂતોને લાભ મળે તે માટે તેમને વિસ્તૃત અને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શ્રી ચૌહાણે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને સંકલિત અને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપતું મોડેલ પહેલ વિકસાવવા નિર્દેશ આપ્યો.

# BIHAR-ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા આજે સમાપ્ત થશે. કુલ 243 બેઠકોમાંથી 121 બેઠકો પર છ નવેમ્બરે મતદાન થશે.

ચૂંટણીના પ્રથમ તબક્કામાં પટના, દરભંગા, મુઝફ્ફરપુર, ગોપાલગંજ અને ભોજપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે થશે, અને ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 20 ઓક્ટોબર છે. બીજા તબક્કાનું મતદાન 11 નવેમ્બરે થશે અને મતગણતરી 14 નવેમ્બરે થશે.

વધુ વિગત અંગે સાંભળીએ એક અહેવાલ....

## (V/C: DHARMENDRA-RAI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# CABINET RESHUFFLING

**ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની આજે શપથવિધિ થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ યોજાશે.**

**સાંભળીએ એક અહેવાલ........**

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

*રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મંત્રીમંડળના વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે. નવા મંત્રીમંડળમાં અનેક નવા ચહેરાઓને પણ તક મળવાની શક્યતા છે.*

*આ અગાઉ મંત્રીમંડળના સભ્યોએ રાજીનામા આપ્યા હતા. દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ રાત્રે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી.*

*અગાઉ મંત્રીમંડળમાં કુલ 16 મંત્રીઓનો સમાવેશ કરાયો હતો જેમાં 8 કેબિનેટ કક્ષાના, 2ને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો તેમજ 6 રાજ્યકક્ષાના મંત્રી સામેલ હતા.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

# GST-KERALA

GST બચત મહોત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. આજે અમે GST સુધારાઓ કેરળના અર્થતંત્રને કેવી રીતે વેગ આપી રહ્યા છે તેનો અહેવાલ રજૂ કરીએ છીએ.

(V/C- SAUMYA-GST)

# MEA-AFGHAN-PAK

વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, પાકિસ્તાન આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે.

તેમણે કહ્યું, પોતાની આંતરિક નિષ્ફળતાઓ માટે પોતાના પડોશીઓને દોષી ઠેરવવાની પાકિસ્તાનની જૂની પ્રથા છે. પ્રવક્તાએ કહ્યું, પાકિસ્તાન

અફઘાનિસ્તાન દ્વારા પોતાના પ્રદેશો પર સાર્વભૌમત્વનો ઉપયોગ કરવાથી ગુસ્સે છે અને ભારત અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

કાબુલમાં ભારતીય મિશન અંગે, શ્રી જયસ્વાલે કહ્યું કે ભારતનું ટેકનિકલ મિશન જૂન 2022થી કાબુલમાં કાર્યરત છે. તેમણે માહિતી આપી કે આગામી થોડા દિવસોમાં તેનું દૂતાવાસમાં રૂપાંતર થશે.

# G20-CLIMATE-BHUPENDER-YADAV

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે, G-20એ મહત્વાકાંક્ષા અને અમલીકરણ વચ્ચે સેતુ તરીકે કામ કરવું જોઈએ, જેથી દરેક રાષ્ટ્રના યોગદાનનું સન્માન થાય અને દરેક રાષ્ટ્રની ક્ષમતામાં વધારો થાય.

તેઓ ગઈકાલે દક્ષિણ આફ્રિકામાં G-20 જળવાયુ અને પર્યાવરણીય ટકાઉપણું કાર્યકારી જૂથના મંત્રીસ્તરીય બેઠકના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, દેશ જૈવવિવિધતા સંરક્ષણ માટે પ્રસ્તાવિત ઇકોસિસ્ટમ-આધારિત અભિગમો, સહભાગી અમલીકરણ અને લેન્ડસ્કેપ-સ્તરના સંરક્ષણ મોડેલોમાં ખરેખર વિશ્વાસ રાખે છે અને તેનું સમર્થન કરે છે.

શ્રી યાદવે જણાવ્યું કે, આબોહવા સંરક્ષણ વિકાસને ટેકો આપે છે, પરંતુ બધા દેશોએ સમાન જવાબદારી પણ વહેંચવી જોઈએ. શ્રી યાદવે ભાર મૂક્યો કે, એક સર્વાંગી સામાજિક અભિગમ અને લોકોને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

તેમણે મૂળભૂત બાબતો તરફ પાછા ફરવાની સુસંગતતા સાથે તેને એકીકૃત કરવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમ કે ગયા વર્ષે G-20 સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો હતો.

# KHELO INDIA

પાંચમી ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 24 નવેમ્બરથી રાજસ્થાનના સાત શહેરોમાં યોજાશે. યજમાન શહેરો જયપુર, અજમેર, ઉદયપુર, જોધપુર, બિકાનેર, કોટા અને ભરતપુર છે.

12 દિવસીય આ સ્પર્ધામાં 23 ચંદ્રક રમતો અને એક પ્રદર્શન રમત - ખો-ખો, દેશભરના પાંચ હજારથી વધુ યુનિવર્સિટી ખેલાડીઓ એકઠા થશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના મુખ્ય દૈનિકોએ ગુજરાત મંત્રી મંડળના રાજીનામાના સમાચારને હેડલાઇન બનાવી છે
- દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે - તહેવાર પહેલા સફાઇ
- ગુજરાત સમચારે મિશન 2027 -ગુજરાતનાં નવા પ્રધાન મંડળના આજે શપથને મુખ્ય હેડલાઇન બનાવી છે
- ભદ્ર પ્લાઝાથી ત્રણ દરવાજા સુધી ફેરિયાઓને બેસવાની સંદતર મનાઈના સમાચાર છેલ્લા પાનમાં બોક્સમાં સ્થાન આપ્યું છે.
- ખ્યાતિ હોસ્પિટલ કાંડ-કાર્તિક પટેલના હંગામી જામીન અરજી કોર્ટે ફગાવીને છેલ્લા પાનાં પર છાપ્યા છે
- કેમ્પ હનુમાન મંદિરના દર્શનના સમયમાં ફેરફાર- દર્શનાથીઓ માટે રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લું રહેશે આ સમાચારને સંદેશે છેલ્લા પાને સ્થાન આપ્યું છે